ગાંધીનગર જિલ્લાના અડાલજ ખાતે સ્વચ્છતા દિવસની કરાયેલ ઉજવણી

સ્વચ્છતા દિવસમાં મહાનુભાવો સાથે ચાર હજાર જેટલા સ્વચ્છતાગ્રહીઓ જોડાયા : પરંપરાગત પહેરવેશમાં મોટી સંખ્યામાં મહિલાઓએ સ્વચ્છતા ગરબામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આજે ગાંધીનગર જિલ્લાના અડાલજ ખાતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાના આ સ્વચ્છતા દિવસે યોજાયેલ સ્વચ્છતા અભિયાનમાં રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંગ, ભારત સરકારના સ્વચ્છ ભારત મિશનના સચિવ પરમેશ્વરમૂ એયર, ગ્રામ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર, જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં સ્વચ્છતા આરતી અને મહાત્માજીને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય સચિવ જે.એન. સિંગે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા આજથી પાંચ વર્ષ અગાઉ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. છેલ્લા પાંચ વર્ષમાં સમગ્ર રાજય સહિત દેશમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવી છે. તેમજ લોકો સ્વચ્છતાના આગ્રહી બન્યા છે. જે સ્વચ્છતા અભિયાનની સફળતા છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના સ્વપ્ન દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પુરા કરવા જઇ રહ્યાં છે. જેમાં રાજય અને ગાંધીનગર જિલ્લાના નાગરિકો સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત અને પ્લાસ્ટિક મુકત ગાંધીનગર બનાવશે, તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

અભિયાનના પ્રારંભે ઉપસ્થિત નાગરિકો અને સ્વચ્છતા ગ્રહીઓ દ્વારા સ્વચ્છતાના શપથ લેવામાં આવ્યા હતા. પરંપરાગત પહેરવેશમાં સજ્જ મહિલાઓ-યુવતીઓ દ્વારા સ્વચ્છતા ગરબાના તાલે ગરબે ઘુમી હતી. ત્યારબાદ ૪ હજાર જેટલા સ્વચ્છતાગ્રહીઓ માથા પર સ્વચ્છતાનો સંદેશો આપતી ટોપી, મોં પર માસ્ક, તેમજ હેન્ડ ગોલ્સ પેહરીને જન ભાગીદારી દ્વારા સ્વચ્છતા રેલીમાં જોડાયા હતા. આ રેલી અડાલજની વાવથી ગામના પ્રવેશદ્વાર સુધીના માર્ગમાં સાવરણા, પાવડા, પતરાના સૂંપડા અને ડસ્ટબિનો દ્વારા પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. આ અભિયાનમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સ્વચ્છતા અંગેના વિવિધ સંદેશા આપતા બેનર્સ અને સૂત્રોની છડી પોકારીને જન જાગૃત્તિ ફેલાવી હતી. સ્વચ્છતા રેલીમાં સ્વચ્છતા સનેડાના ગીતોના તાલે ઉત્સાહ પૂર્વક કચરો વીણીને એકત્ર કરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા અભિયાનમાં અન્નપૂર્ણાધામ, દાદા ભગવાન પરિવાર, અડાલજ, પી.ટી.સી કોલેજના વિદ્યાર્થીઓ, ઉવારસદ કોલેજના વિદ્યાર્થીઓ, ઝુંડાલ સ્વામિનારાયણ મંદિરના સંતો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ સાથે મળીને શ્રમદાન કર્યું હતું. માર્ગમાં આવતાં વેપારીઓ દ્વારા પ્રધાનમંત્રીના પ્લાસ્ટિક કચરા મુક્ત ભારતનાં સંદેશને સમર્થન આપતા સંકલ્પ કર્યા હતા. મહાશ્રમદાન માટેના માર્ગ પર વહાઇટ પેનલ બેનર પર સહિ ઝુંબેશ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઇન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.પી. બ્રહ્મભટ્ટ, ગાંધીનગર પ્રાંત અધિકારી એસ.એમ. ભોરણિયા, નાયબ કલેકટર હર્ષ યાદવ, જીજ્ઞાસા વેગડા, જિલ્લા શિક્ષણાધિકારી ભરત વાઢેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનિષા પટેલ તેમજ જિલ્લાના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ચિલોડા આર્મી કેમ્પની દિવાલ કુદતો નેપાળી શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આર્મી કેમ્પ ખાતે દિવાસ કુદીને અંદર ઘુસેલા એક ઈસમ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ શખ્સને ગેટમાંથી સાંજના સુમારે એન્ટ્રી આપવામાં ના આવતા તે દિવાલ કુદીને અંદર પડ્યો હતો. આર્મી કેમ્પમાં અંદર ઘુસેલા નેપાળના શખ્સને આર્મીએ બે દિવસ પુછપરછ કરી હતી. છતા યુવકે સંતોષકારક જવાબ ન આપતા આખરે તે શખ્સને ચિલોડા પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા આર્મી કેમ્પ ખાતે ફરજ બજાવતો જવાન ઈરફાન શેખ (ઉં.વ.૩૪) ચિલોડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે તે મુજબ તા.૨૯ સપ્ટેમ્બરના રોજ પાંચ વાગ્યાના અરસામાં એક શખ્સ ગેટ પાસે આવ્યો હતો અને અંદર જવાનું કહેતો હતો. જો કે પ્રતિબંધિત વિસ્તારમાં જવાનું કોઈ ચોકકસ કારણ તે યુવકે ન જણાવતા તેને જવા દેવામાં આવ્યો ન હતો. જેને પગલે તે થોડા આગળ જઈને દિવાલ કુદવા લાગતા ફરિયાદીએ તેને રોકીને સમજાવ્યો હતો. ત્યારબાદ તે ૨૦૦ મીટર આગળ જઈને ફરીથી દિવાલ કુદીને અંદર ઘુસી ગયો હતો. જેને પગલે ફરીયાદીએ તેને દોડીને પકડી પાડી તેનુ નામ પુછતા તે નેપાળના સિપટીનો રહેવાસી રાજેન્દ્ર હરીલાલ ટમાટા હોવાનું ધ્યાને આવ્યું હતું. ફરીયાદીએ ઘટના અંગે પોતાના અધિકારીઓને જાણ કરી હતી.ત્યારબાદ તેની ત્રણ દિવસ તેની જરુરી પુછપરછ અને તપાસ કરાઈ હતી. છતા તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેને પગલે આખરે આર્મીએ કેમ્પમાં ગેરકાયેદસર ઘુસવા અંગે ફરીયાદ નોંધાવીને પોલીસને સોંપ્યો હતો. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ શખ્સ માનસિક રીતે થોડો ડિસ્ટર્બ લાગતો હતો. જે પોલીસ પુછપરછમાં મને કોઈ બુમ પાડી બોલાવતુ હતું તેવા જવાબો આપતુ હતું. પોલીસે તેને કોર્ટમાં રજુ કરતા આરોપીને જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો.

ગાંધી જયંતિની ઉજવણી સેકટર-૨ સી સ્થિત ચાણ્યકય પ્રિ સ્કુલના નાના બાળકો દ્વારા કરવામાં આવી હતી. ઉજવણીમાં નાના બાળકોએ સમાજને સ્વચ્છતા, શાંતિ અને સત્યના માર્ગ પર ચાલવુ તેવા સંદેશા સાથે માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી.

વાવોલના સોસાયટી વિસ્તારોમાં જામી નવરાત્રીની ધૂમ....!!!

શરૂઆતના વરસાદી વિઘ્ન બાદ ત્રીજા નોરતે મેઘરાજાએ ખમૈયા કરતા વાવોલની નવ વિકસિત સોસાયટીઓમાં ત્રીજા નોરતે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા અને પરસેવે રેબઝેબ થઈ ગયા ત્યાં સુધી રાસની રમઝટ જમાવી હતી. વાવોલની લગભગ દરેક સોસાયટીઓમાં નવરાત્રીના આયોજન હાથ ધરાય છે અને સોસાયટીના રહીશો પારિવારિક માહોલમાં આદ્ય શકિત મા જગદંબાની ભકિત સાથે રાસ ગરબાની મોજ માણે છે. આ સોસાયટીમાં આરતી પ્રસાદ સાથે રાત્રે રાસ ગરબા પત્યા બાદ સમૂહ નાસ્તાનું ખૂબ મત્વ છે જેમાં બાળકોથી માંડીને વડિલો સુધીના તમામ જોડાય છે. વાવોલની સોસાયટીઓમાં ડીજે અને સ્ટીરીયો સાઉન્ડ પર વાગતા લેટેસ્ટ ગરબાને કારણે સમગ્ર વિસ્તાર સંગીત સાથે ભકિતમય બની જાય છે.

ગાંધીનગરના ભાવિન પટેલને ગુજરાત લોકકલા નેશનલ એવોર્ડ અર્પણ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે લોકકલામાં વિશિષ્ટ પ્રદાન કરનાર કલાકારોને રાષ્ટ્રીય સ્તરનો ગુજરાત લોકકલા નેશનલ એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ-૨૦૧૯નો ગુજરાત લોકકલા નેશનલ એવોર્ડ ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્રના અધ્યક્ષ ભાવિન પટેલને એનાયત કરવામાં આવ્યો છે. અમદાવાદ ટાગોર હોલ ખાતે યોજાયેલ ભવ્ય એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતભરમાંથી પધારેલા કલાકારો, કલારસિકોની હાજરીમાં જગગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીના વરદહસ્તે આ એવોર્ડ ભાવિન પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ અંગે ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના અધ્યક્ષ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે જણાવ્યું હતુ કે 'સમગ્ર ભારતમાં પ્રાચીન કલાનુ સંરક્ષણ કરવાવાળા લોકકલાકારો કાર્યરત છે. આ લોકકલાકારો દ્વારા ધૂળ ધોયાનુ કામ કરવામાં આવે છે. આપણી ભાતીગળ લોક સંસ્કૃતિ એવા પ્રાચીન ગરબાનુ સંરક્ષણ અને સંવર્ધન કરવા બદલ પનઘટ કલા કેન્દ્ર અને ભાવિન પટેલને આ પુરસ્કાર આપતા લોકકલા ફાઉન્ડેશન ગૌરવ અનુભવે છે.' આ સમારોહમાં ભારતની લોક સંસ્કૃતિને ઉજાગર કરતા રાજસ્થાની લોકનૃત્ય, ડાંગી-રાઠવા વનવાસી નૃત્ય તેમજ પનઘટ કલા કેન્દ્ર દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબાની ભાવવાહી પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી અગ્રણી કલાસાધકો અને ભાવકોએ હાજર રહી તેમની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

રણાસણ સર્કલ પાસે ટ્રક બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા સરદાર પટેલ રીંગ રોડ પર રણાસણ સર્કલ પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર કારીગરોને ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે ૧૦૮ માં અમદાવાદ સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયાં બાઈક ચાલકને પગમાં ફ્રેકચર હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ સુરેન્દ્રનગરના અને ચાંદલોડીયા રામદેવનગર સોસાયટી મકાન નં.૧૭ ખાતે હરીભાઈ પંચાલના મકાન ખાતે રહેતા વિક્રમભાઈ ચમનભાઈ નાયક પોતાના પરિવાર સાથે રહે છે અને કડીયાકામ કરીને ગુજરાન ચલાવે છે. વિક્રમભાઈ ગતરોજ સવારે નિર્ણયનગર મજુરી મેળા ખાતે ગયા હતા અને ત્યાંથી મજુરી મળતા નિકોલ ખાતે જવા માટે રવાના થયા હતા.ત્યારે તેમની સાથે અન્ય એક કારીગર હતો. તેઓ પોતાનું બજાજ બોક્સર બાઈક નં. જી.જે.૦૧.બીએસ.-૧૧૯૯ લઈને રણાસણ સર્કલ થઈને નિકોલ તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક મોટા ચિલોડા તરફથી આવી રહેલ ટ્રક નં. એમ. એચ. ૦૪. જી. આર. ૮૪૮૭ ના ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકે અને સવાર બંને નીચે પટકાયા હતા. બંન્ને ઈજા પહોંચતા તાત્કાલીક એકઠા થયેલા નાગરીકોએ ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા.જયા સારવાર બાદ ડોકટરે જમણા પગે ફ્રેકચર હોવાનું કહ્યું હતું. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સેકટર-૬ ખાતેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર શહેરના સેકટર-૬ નાણાવટી સ્કુલની બાજુમાં બ્લોક નં. ૪૭૨-૩ જ ટાઈપ ખાતે રહેતા રંગીતસિંહ સરદારસિંહ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને પોલીસ ભવન ખાતે છેલ્લા ૧૮ વર્ષથી ડીજીપી ઓફિસ ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે. તેઓ ગત તા.૨૧ના રોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલ ખાતે દવા લેવા માટે ગયા હતા. અને ત્યાંથી પરત આવીને બાઈક નં. જી.જે.૧૮.સી.એફ.-૩૭૩૦ પાર્ક કરીને ઘરે જઈને સુઈ ગયા હતા. તેઓ સવારે ૫ વાગે ઉઠીને દુધ લેવા જવા માટે બાઈક પર નજર કરી તો બાઈક જે તે સ્થળે ન હતું. બાઈકની ઉઠાંતરી થઈ ગઈ હતી. બાઈક અંગે તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી.

ઈ-સ્ટેમ્પીંગની પ્રથા અમલી બનાવવાના સરકારના નિર્ણય સામે આજે સ્ટેમ્પ વેન્ડરોએ ગાંધી ચિંધ્યા માર્ગે પ્લેકાર્ડ સાથે મૌન રહી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સે. ૧૬માં ખાદી ખરીદવા આવ્યા ત્યારે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. આ દેખાવકારોએ મંત્રીશ્રી જતા હતા ત્યારે તેમની કાર સુધી પણ પહોંચ્યા હતા. પરંતુ તેમના તરફ તેમનું ધ્યાન ગયું નહોતું.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રીસર્ચ ખાતે સફાઈ ઝુબેશ હાથ ધરાઈ

આજરોજ ગાંધી જયંતિ નિમિતે એ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ઈન્સ્ટટયુટ ઓફ એડવાન્સ રીસર્ચ ગાંધીનગર પુરી ફાઈન્ડેશન દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના ટ્રસ્ટી રાકેશ કિષ્ણન, અનિલ પુરી (ચેરમેન પુરીકો ગ્રુપ),બ્રહ્મીદીમેરી રાવ (પ્રમુખ ઓફ આઈએઆર) સહિત યુનિવર્સિટીનો સ્ટાફ મોટીસંખ્યામા હાજર રહ્યો હતો.ડબલ એ અભિયાનમાં સહકાર આપ્યો હતો.

જલારામ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

મા અંબાની આરાધના કરવા શહેરીજનો ઉત્સુક છે ત્યારે સંસ્થાના વિવિધ મંડળો દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ રહી છે. ત્યારે શહેરની લોહાણા સમાજની મહિલાઓનુ પ્રતિનિધિત્વ કરતી સંસ્થા જલારામ મહિલા મંડળ દ્વારા સમાજની બહેનો માટે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સમાજની ૧૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. પ્રથમ પાંચ વિજેતા બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જલારામ મહિલા મંડળ દ્વારા જલારામ મંદિર સે. ૨૯ ખાતે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વયજુથ પ્રમાણે પાંચ ગ્રુપ મુજબ બહેનોને ગરબે રમાડવામાં આવી હતી. ભાગ લેનાર દરેક બહેનોને ટોકન લાણી આપવામાં આવી હતી તથા પાંચેય ગૃપમાંથી પ્રથમ પાંચ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં વિજેતા બહેનોમાં ૫ થી ૧૫ વર્ષની વયજૂથમાં પ્રથમ ક્રમે માનસી ઠક્કર, ૧૬ થી ૨૫ વર્ષની વયજૂથમાં પ્રથમ ક્રમે મોનિકા ઠક્કર, ૨૬ થી ૩૫ વર્ષની વયજૂથમાં સોનલબેન તન્ના, ૩૬ થી ૫૦ વર્ષમાં રૂપલબેન લાખાણી તથા ૫૦ થી ઉપર રસિલાબેન તન્ના વિજેતા રહ્યા હતા.

આ કાર્યક્રમમાં વર્ષાબેન ઠક્કર, ડૉ. નુતનબેન ઠક્કર, ડૉ. ચેતનાબેન બુચ, સર્મિષ્ઠાબેન દવે, મીનલબેન ઓઝા, દક્ષાબેન જાદવ, વૈશાલીબેન જોષી, દામિનીબેન લાખા, ચંદ્રીકાબેન રાવલ તથા હર્ષાબા ધાંધલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે જીજ્ઞાબેન ગજ્જર તથા અમીબેન વંકાણીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનુ સ્ટેજ સંચાલન સંસ્થાના મંત્રી ઉષા જી. ઠક્કર દ્વારા તથા સ્વાગત પ્રવચન પ્રમુખ નીતાબેન ઘોકાઈ દ્વારા કરવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોનો વિશેષ ફાળો રહ્યો હતો.